## એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

ACPC એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

# ડિગ્રી ઈજનેરી અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે : વર્ષ ૨૦૧૧-૧૨

**AICTE**, નવી દિલ્હી દ્વારા ડિગ્રી ઈજનેરી તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની લઘુત્તમ લાયકાતમાં ફેરફાર થવાથી એટલે કે લાયકાતનું ધોરણ ૫૦%ના બદલે ૪૫% (જનરલ કેટેગરી) અને ૪૫%ના બદલે ૪૦% (અનામત કેટેગરી માટે) થવાના કારણે તેમજ અગાઉ નિયત સમયમર્યાદામાં રજિસ્ટ્રેશન કરાવવાનું રહી ગયા હોય તેવા ઉમેદવારોને રજિસ્ટ્રેશન માટે અત્રેની સમિતિ દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલું છે.

- **લઘુત્તમ લાયકાત :** ધો. ૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષા જેઓએ ઓછામાં ઓછા ૪૫% (૪૦% **SC/ST/SEBC** કેટેગરી માટે) મેળવીને ઉત્તીર્ણ કરેલ હોય તેવા કોઈપણ બોર્ડનાં ઉમેદવારો રજિસ્ટ્રેશન કરી શકશે.
- રજિસ્ટ્રેશનથી વંચિત ઉપર મુજબના લાયક ઉમેદવારોએ **તા. ૫/૭/૨૦૧૧ થી તા. ૮/૭/૨૦૧૧** દરમ્યાન પંજાબ નેશનલ બેંકની નીચે મુજબની નિર્ધારિત શાખાઓમાં રૂા. ૩૫૦/- રોકડા જમા કરાવી માહિતી પુસ્તિકા તથા **PIN** મેળવી લઈ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તથા માહિતી પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ રજિસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ આઉટ લઈ, તમામ જરૂરી અસલ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલની ચકાસણી નિર્ધારીત હેલ્પ સેન્ટરો (યાદી વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર ઉપલબ્ધ) ખાતે કરાવવાની રહેશે અને 'રજિસ્ટ્રેશન એકનોલેજમેન્ટ સ્લીપ' મેળવવાની રહેશે. આ સમય પછી રજિસ્ટ્રેશન અંગેની કોઈપણ રજૂઆત ધ્યાને લઈ શકાશે નહીં.
- **પંજાબ નેશનલ બેંકની શાખાઓની યાદી :** (૧) પોપ્યુલર હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ (૨) ૭, શિવાલિક-યશ કોમ્પ્લેક્ષ, શાસ્ત્રીનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, નારણપુરા, અમદાવાદ (૩) ભીડભંજન મહાદેવ મંદિર સામે, રામવાડી, ભાવનગર (૪) સ્ટેશન રોડ, ભૂજ—કચ્છ (૫) દાણાપીઠ, જૂનાગઢ (૬) મધુવન કોમ્પ્લેક્ષ, મહેસાણા (૭) જ્યુબીલી ચોક, રાજકોટ (૮) પહેલો માળ, રવિ ટાવર્સ, પરિમલ સ્કૂલ સામે, કાલાવડ રોડ, રાજકોટ (૯) પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત (૧૦) એમ/૧, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, ઉધના દરવાજા આગળ, રીંગ રોડ, સુરત (૧૧) આત્મજ્યોતિ આશ્રમ રોડ, ઈલોરા પાર્ક, વડોદરા (૧૨) બીરેન એપાર્ટમેન્ટ, ફતેહગંજ પેટ્રોલ પંપ સામે, વડોદરા

ઉપરોક્ત કાર્યક્રમને અનુલક્ષીને પ્રવેશ પ્રક્રિયાના નિર્ધારિત કાર્યક્રમમાં થનાર આનુષાંગિક કાર્યક્રમ અત્રેની પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર ઉપલબ્ધ છે.

તા. ૪/૭/૨૦૧૧ — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૮૫૫૪૪૪**